જીતાલી ગામે ગોડાઉનમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

ભરૂચ LCBની કાર્યવાહી: ચાર આરોપીઓની ધરપકડ

અંકલેશ્વર: ભરૂચ LCBની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એ.વી.શિયાળિયાને બાતમી મળી હતી કે, જીતાલીમાં આવેલા યોગી એસ્ટેટ-૨ના પ્લોટ નં.૫૪ પરના ગોડાઉનમાં શંકાસ્પદ ઓઈલનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે ગોડાઉન પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન ગોડાઉનમાંથી ત્રણ ટેન્કમાં ભરેલો તેમજ ડબ્બાઓમાં પેક કરેલો કુલ ૨૦,૩૭૫ કિલો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ જથ્થા અંગેનાં બિલ અને જરૂરી લાઇસન્સ રજૂ કરવા જણાવતાં સંબંધિત શખ્સો તે રજૂ કરી શક્યા નહોતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ટેન્કર મારફતે ઓઈલ ગોડાઉનમાં લાવવામાં આવતું હતું અને ત્યારબાદ સ્ટેનલેસ સ્ટીલની મોટી ટેન્કમાં સંગ્રહ કરવામાં આવતું હતું. ત્યાંથી ૧૫ લિટરના ડબ્બાઓમાં ભરી તેના પર 'પંચમ પૂજા ઓઇલ'નાં લેબલ લગાવવામાં આવતાં હતાં.

પોલીસે આશરે રૂ.૩૦,૫૬,૨૫૦ની કિંમતનો શંકાસ્પદ જથ્થો, રૂ.૬૦૦૦૦ની કિંમતના પાંચ મોબાઇલ ફોન અને સ્ટિકરનાં ત્રણ બોક્સ સહિત કુલ રૂ.૩૧,૧૬,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસના ભાગરૂપે જથ્થાના આઠ નમૂના પણ લેવામાં આવ્યા છે. આ મામલે પોલીસે સુરતના જહાંગીરપુરા વિસ્તારના અભિ કનૈયાલાલ ભરતીયા, હિતેષભાઈ નરેશભાઈ ભરતીયા, પ્રવીણભાઈ કરમશીભાઈ માળી અને અંકુરભાઈ નરેશભાઈ ભરતીયાની ધરપકડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

અંકલેશ્વર નર્મદા ક્લીન ટેકના વિસ્તરણ સામે લોક સુનાવણી

પ્લાન્ટની ક્ષમતા ૪૦ MLDથી વધારી ૭૦ MLD કરવાની દરખાસ્ત સામે રજૂઆત

પાઇપલાઇનથી થયેલા નુકસાનનું વળતર ચૂકવવા માંગ

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં આવેલા નર્મદા ક્લીન ટેક (NCT)ના કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૪૦ MLDથી વધારીને ૭૦ MLD કરવાની દરખાસ્તને લઈને પર્યાવરણીય લોકસુનાવણી યોજાઈ હતી. આ સુનાવણી દરમિયાન ખેડૂતો, સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓએ વિવિધ મુદ્દે વિરોધ નોંધાવી પ્લાન્ટના વિસ્તરણ સંબંધિત 48 જેટલા ટેક્નિકલ મુદ્દા રજૂ કર્યા હતા.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલી નોટિસ અનુસાર, કંપનીના પ્લાન્ટ ખાતે યોજાયેલી આ લોક સુનાવણી પ્રાંત અધિકારી રવિરાજસિંહ પરમાર અને GPCBના પ્રાદેશિક અધિકારી એસ.એન. અગ્રાવતની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પ્લાન્ટના વિસ્તરણથી પર્યાવરણ પર થનારી સંભવિત અસરો અંગે લોકોના અભિપ્રાયો અને વાંધા-સૂચનો મેળવવાના હેતુથી યોજાયેલી સુનાવણીમાં આસપાસના ગ્રામજનો અને પર્યાવરણપ્રેમીઓએ વિવિધ મુદ્દા રજૂ કર્યા હતા. ખાસ કરીને હાંસોટ પંથકમાં કંપની દ્વારા તાજેતરમાં નાંખવામાં આવેલી પાઇપલાઇનના કારણે ખેડૂતોને નુકસાન થયું હોવા છતાં તેનું વળતર હજુ સુધી ચૂકવવામાં આવ્યું ન હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ઉપરાંત કંપનીની પાઇપલાઇનમાં વારંવાર ભંગાણ થવાથી પ્રદૂષણની સમસ્યા સર્જાતી હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. નર્મદા પ્રદૂષણ નિવારણ સમિતિના સેક્રેટરી જયેશ પટેલે જણાવ્યું હતું કે, પ્લાન્ટના વિસ્તરણ અંગેની લોક સુનાવણીમાં સમિતિ દ્વારા ૪૮ જેટલા ટેક્નિકલ મુદ્દા રજૂ કરવામાં આવ્યા છે, પરંતુ આ મુદ્દાઓના જવાબ મળ્યા નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, NCT પ્લાન્ટમાં ૯૦૦થી વધુ ઉદ્યોગોનું પ્રદૂષિત પાણી ટ્રીટમેન્ટ માટે આવે છે. ત્યારે વેસ્ટના આંકડાઓમાં પણ વિસંગતતા હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. લોક સુનાવણી દરમિયાન ખેડૂતો અને સ્થાનિકોએ રજૂ કરેલા પ્રશ્નો અને વાંધાઓ અધિકારીઓએ સાંભળ્યા હતા તથા નિયમો અનુસાર કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. લોક સુનાવણીમાં રજૂ થયેલા વાંધા-સૂચનો અને ટેક્નિકલ મુદ્દાઓ પર હવે સંબંધિત તંત્ર કેવો નિર્ણય લે છે અને ખેડૂતોના વળતર સહિતના પ્રશ્નોનો ક્યારે ઉકેલ આવે છે તેના પર સૌની નજર છે.

ભરૂચ કોંગ્રેસ સભામાં બોલાચાલી સલીમ અમદાવાદી વિરુદ્ધ અરજી

મહિલા કોંગ્રેસ પ્રમુખે ગાળાગાળી અને ધમકીનો આક્ષેપ કર્યો

ગાળાગાળી કે મારપીટની ધમકીનો કોઈ બનાવ બન્યો નથી: સલીમ અમદાવાદી

બીજી તરફ સલીમ અમદાવાદીએ તમામ આક્ષેપો નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટતા કરીને જણાવ્યું કે, 'વોટ ચોરી બચાવો, દેશ બચાવો' અભિયાન હેઠળ બેઠક અને પ્રેસ કોન્ફરન્સ પૂરી થયા બાદ ફોટા પડાવાઈ રહ્યા હતા. બધાના ફોટા પડાવવા અંગે બે-ત્રણ મિનિટ સામાન્ય બોલાચાલી થઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, ગાળાગાળી કે મારપીટની ધમકીનો કોઈ બનાવ બન્યો નથી. તેઓ છેલ્લાં 20 વર્ષથી કોંગ્રેસ સંગઠનમાં છે અને દોઢ વર્ષથી શહેર પ્રમુખની જવાબદારી સંભાળે છે. તેમણે મામલાને સામાન્ય મતભેદ ગણાવ્યો અને પોલીસ તપાસમાં સહકાર આપવાની તૈયારી દર્શાવી છે.

ભરૂચ: ભરૂચ કોંગ્રેસમાં બેઠક દરમિયાન બે આગેવાન વચ્ચે થયેલી કથિત બોલાચાલીનો મુદ્દો હવે પોલીસ સુધી પહોંચી ગયો છે. જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ જ્યોતિબેન તડવીએ શહેર પ્રમુખ સલીમ અમદાવાદી સામે ભરૂચ એ ડિવિઝન પોલીસમાં લેખિત અરજી કરી છે. તેમણે ગાળાગાળી, ધમકી અને જાતિવિષયક ટિપ્પણીનો આક્ષેપ કર્યો હતો.

જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં AICC પ્રભારીની ઉપસ્થિતિમાં બેઠક અને પ્રેસ કોન્ફરન્સ મળી હતી. એ વેળા ફોટો સેશન વખતે જ્યોતિબેન તડવી અને સલીમ અમદાવાદી વચ્ચે ગજગ્રાહ થયો હોવાનો દાવો છે. વિવાદ એટલો વકર્યો કે, જ્યોતિબેન તડવીએ પોલીસમાં લેખિત અરજી આપી છે કે પોતે જિલ્લા કોંગ્રેસ મહિલા પ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે.

હાલમાં AICC પ્રભારી ચારુલતા ટોક્સેએ મોડું થતું હોવાથી મહિલા કાર્યકરોને ફોટો સેશન પૂરું કરવાનું કહ્યું હતું. એ વખતે સલીમ અમદાવાદીએ વચ્ચે આવીને ગાળાગાળી કરીને ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે હાથ-પગ તોડી નાંખવાની ધમકી આપ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જેથી તેમણે સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી છે અને પાર્ટીમાં અશિસ્ત કરનારા સામે સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

જો પગલું ન ભરાય તો મહિલા કાર્યકરે પાર્ટીમાંથી રાજીનામું ધરી દેવાની ચીમકી પણ ઉચ્ચારી છે. આદિવાસી સમાજના સન્માનનો મુદ્દો પણ ઉઠાવ્યો છે.

કુકરમુંડામાં મનરેગા યોજનામાં ઉનાળાના કામનું વેતન મળ્યું નથી!

પાંચ ગ્રામ પંચાયતોના સરપંચોએ તાત્કાલિક ચૂકવણું કરવાની માંગ કરી

શ્રમિકોને ચૂકવણું ન કરાય તો આંદોલન કરવાની ચીમકી

તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરાઈ

કુકરમુંડા: કુકરમુંડાની વિવિધ ગ્રામ પંચાયતોમાં સમાવેશ ગામોમાં વસવાટ કરતા ગરીબ કુટુંબ પરિવારના સભ્યોએ ભર ઉનાળામાં મનરેગા યોજના હેઠળ રોજગારી મેળવવા માટે કામગીરી કરી છે. પરંતુ ગરીબ શ્રમિકોને 5થી 6 મહિના વીતી જવા છતાં પણ મજૂરીનું ચૂકવણું જ કરવામાં આવ્યું નથી. જે બાબતે ગતરોજ કુકરમુંડાના મોદલા, બાલંબા, તોરંદા, કેવડામોઈ, મોરંબા ગ્રામ પંચાયતોના સરપંચોએ શ્રમિકોને તેમના કામનું વેતન તાત્કાલિક ધોરણે ચૂકવણું કરવામાં આવે તેવી માંગણી સાથે કુકરમુંડા તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરી છે. મળતી વિગત મુજબ મોદલા ગ્રામ પંચાયતના સરપંચ, બાલંબા ગ્રામ પંચાયતના સરપંચ, કેવડામોઈ ગ્રામ પંચાયતના સરપંચ, તોરંદા ગ્રામ પંચાયતના સરપંચ, મોરંબા ગ્રામ પંચાયત સરપંચ દ્વારા સંયુક્ત રીતે તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ રજૂઆત કરતાં જણાવ્યું હતું. કે, ગરીબ શ્રમિકોએ એપ્રિલ અને મે, મહિના દરમિયાન ઉનાળામાં ધમધમતી ગરમીમાં મનરેગા યોજના અંતર્ગત મંજૂરીનું કામ કર્યું હતું. આ કામગીરી પૂર્ણ થયાને આશરે 5થી 6 મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં પણ શ્રમિકોને હજુ સુધી પણ મજૂરીનું વેતન ચૂકવવામાં આવ્યું નથી. સરપંચોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કાળઝાળ ગરમીમાં પરસેવો પાડીને કામગીરી કરનારા ગરીબ મજૂરોને સમયસર વેતન નહીં ચૂકવીને ઘોર અપમાન કરવામાં આવ્યું છે. જોકે, આગામી 2 દિવસમાં મનરેગા શ્રમિકોનું બાકી વેતન ચૂકવવામાં નહીં આવે, તો મનરેગાના શ્રમિકોની સાથે તાલુકા સેવાસદન કચેરીની સામે સરપંચો ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પ્રદીપ ગુર્જર

નેત્રંગ પંથકના ખેડૂતોને બોર મોટરના વર્ક ઓર્ડર અપાયા

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં જંગલ વિસ્તારમાં વસવાટ કરતા અને વન અધિકાર અધિનિયમ (FRA) હેઠળ જમીન પર ખેતી કરતા ખેડૂતો માટે સિંચાઈ સુવિધા મજબૂત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૯૮ જેટલા FRA ખેડૂતોને બોરમોટરના વર્ક ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા. નેત્રંગ તાલુકા પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં લાભાર્થી ખેડૂતોના ખેતરોમાં હરિયાળી અને સમૃદ્ધિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સાંસદ મનસુખ વસાવા અને ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવાના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મગન વસાવા, ભરૂચ જિલ્લા સિંચાઈ સમિતિના ચેરમેન સેવંત વસાવા, જિલ્લા પંચાયત સભ્ય ગૌતમ વસાવા, રાયસિંગ વસાવા, માનસિંગ વસાવા, તાલુકા પંચાયતના તમામ સભ્યો, તાલુકા વિકાસ અધિકારી હરીશ પટેલ, સંબંધિત અધિકારીઓ તેમજ ભાજપ નેત્રંગના પ્રમુખ મનસુખ વસાવા, દિલીપ વસાવા, પાર્થ ત્રિવેદી સહિતના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પાલેજના દવાના વેપારી સાથે ૩.૩.૬૦ કરોડની છેતરપિંડી

SOG કે DySP કક્ષાના અધિકારી પાસે તપાસની માંગ

ભરૂચ: પાલેજ ખાતે બિયારણ અને જંતુનાશક દવાઓનો વેપાર કરતા સલીમ વલી દરબારે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ને લેખિત અરજી સુપરત કરીને રૂ.૩,૬૦,૮૮,૫૪૦ની છેતરપિંડી, ધાકધમકી તેમજ બનાવટી દસ્તાવેજોના ઉપયોગ અંગે આરોપો લગાવ્યા છે.

ફરિયાદીના આરોપ મુજબ મોઈનુદ્દીન બાપુ અને આબિદ હુસૈન સૈયદ સહિત સાત વ્યક્તિઓએ એક ટ્રાન્સપોર્ટર મારફતે તેમનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો અને લાખો રૂપિયાનો માલ ઉધાર મેળવ્યો હતો. બાદમાં નાણાં ચૂકવવાને બદલે આરોપીઓએ બોગસ ચેક આપ્યા હતા. જ્યારે વેપારીએ પોતાની બાકી નીકળતી રકમ વસૂલવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને જાનથી મારી નાંખવાની કે ડરાવવાની ધમકીઓ આપવામાં આવી હતી.

ફરિયાદમાં સૌથી ગંભીર આરોપ એ છે કે આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટને ગેરમાર્ગે દોરવા માટે એક બોગસ અને બનાવટી સમજૂતી પત્ર (MoU) રજૂ કર્યું હતું, જેથી પોતાની વિરુદ્ધની કાનૂની કાર્યવાહી રદ કરાવી શકાય. દરબારે આ બનાવટી દસ્તાવેજ ક્યા સંજોગોમાં રજૂ થયો તેની સ્વતંત્ર તપાસની માંગ કરી છે. વધુમાં આરોપીઓ અન્ય વેપારીઓ સાથે પણ આવી જ પેટર્નથી છેતરપિંડી આચરવામાં સામેલ હોવાનો અને સંગઠિત ગુનાખોરી (GCTOC) હેઠળના કેસોનો સામનો કરી રહ્યા હોવાનો દાવો કરાયો છે.

સ્થાનિક પોલીસ યોગ્ય તપાસ કરવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કરીને ફરિયાદીએ આ મામલાની તપાસ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અથવા નાયબ પોલીસ અધિક્ષક (DySP) રેન્કના અધિકારીને સોંપવા વિનંતી કરી છે. કાવતરાનો પર્દાફાશ કરવા અને નાણાકીય વ્યવહારોની ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે આરોપીઓની ધરપકડ કરી કસ્ટડીમાં પૂછપરછ કરવી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું છે. હાલ આ તમામ આરોપો પોલીસ સમક્ષ કરાયેલી અરજીનો ભાગ છે અને કોર્ટમાં સાબિત થવાના બાકી છે.

વાલિયામાં દીપડાના આતંકથી પશુપાલકોમાં ફફડાટ

ભરૂચ: વાલિયા તાલુકાના સોડગામ ખાતે દીપડાએ વાછરડાને શિકાર કર્યો હતો. તેની બીજા જ દિવસે તા.28 ઓક્ટોબરે મધરાત્રે આશરે 4 કલાકે વાલિયાના સીલુડી ગામે પશુપાલક યુનુસ ઉમરજી લીંબાડાની તબેલામાં દીપડાએ પાડાને ફાડી ખાધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ ગામમાં આશરે 10 દિવસ પહેલાં સઈદ અહમદ લીંબાડાના ઘરે પણ દીપડાએ પાડી પર હુમલો કરીને તેને ફાડી ખાધી હતી. વાલિયા પંથકમાં હિંસક દીપડો વારંવાર પશુઓને ટાર્ગેટ કરીને શિકાર કરી રહ્યો હોવાથી પશુપાલકો હેબતાઈ ગયા છે. અત્રે નોંધનીય છે કે, આ વિસ્તારમાં શેરડીના કટિંગની શરૂઆત થતાં ખેતરોમાં છુપાયેલા દીપડા બહાર આવીને ખોરાક માટે મધરાત્રે પશુઓને ટાર્ગેટ કરી રહ્યા છે.

ગુણસદામાં યુવક પર પ્રેમીનો હુમલો

પરિવારને મળીને જતા યુવકની બાઇક ઊભી રાખી માર માર્યો

વ્યારા, સોનગઢ: તાપીના ઉકાઈ તાલુકામાં બાઈક પર જઈ રહેલ યુવકની બાઈકને ઊભી રાખી માર મારવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ગત તા.28-10-2026ના રોજ ફરિયાદી જીવનલાલ યામા જુમડે (ઉં.વ.38) (રહે.,બજારપરા કોલોની, તા.બીજાપુર, છત્તીસગઢ) તેના મિત્ર રિંકલ સાથે મોટરસાઇકલ નં.(GJ 26 Q 6564) લઈને પોતાની પત્ની અને પુત્રને મળી ભૂરીવેલથી સોનગઢ તરફ જઈ રહ્યા હતા.

દરમિયાન સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ગુણસદા ગામની સીમમાં સ્કૂલ પાસે પત્નીના પ્રેમી ધીરજ પોલ ઉર્ફે ડી.કો (રહે.,ઉકાઈ પાથરડા કોલોની, તા.ઉકાઈ)એ ફરિયાદીની મોટરસાઇકલ ઊભી રાખી ગાળો આપી છૂટા હાથે શરીર પર માર મારી તેમજ હેલ્મેટથી ફરિયાદીના પીઠ પર માર મારી પત્ની રવિનાબેન અને છોકરાને મળવા આવશે તો જાનથી મારી નાંખીશ એવી ધમકી આપી હતી. જે અંગે ફરિયાદીએ ઉકાઈ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે પ્રેમી ધીરજ પોલ ઉર્ફે ડી.કો. વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નેત્રંગમાં ગાંજા સાથે બે ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે સમયે નેત્રંગ-વાલિયા રોડ પર જીન બજાર ખાતે આવેલા એચ.પી. પેટ્રોલ પંપની સામે કાળા કલરની એક્ટિવા મોપેડ નં.(જીજે-૧૬-ડીજે-૨૧૦૪) લઈ ઊભેલા બે ઈસમ પોલીસને જોઈ આઘાપાછા થતા જણાયા હતા. પોલીસે તેમની તલાશી લેતા થેલીમાંથી ગાંજો મળ્યો હતો. પૂછપરછમાં તેમનાં નામ વનરાજ ધનશ્યામસિંહ રાજ (રહે.,એચ. પી. પેટ્રોલ પંપની પાછળ, નેત્રંગ) અને યુવરાજ સંજય પાટણવાડિયા (રહે.,ડબ્બા ફળિયું, નેત્રંગ) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બંનેની અટકાયત કરી ૨૧.૧૩ ગ્રામ ગાંજો (કિ.રૂ.૧૦૫૬), મોબાઈલ ફોન નંગ-૨ (કિ.રૂ.૧૦,૦૦૦), મોપેડ (કિ.રૂ.૫૦,૦૦૦) અને રોકડ રૂ.૩૫૦ મળી કુલ રૂ. ૬૧૪૦૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

સબ હેલ્થ સેન્ટર નેત્રંગ-૨ને ૮૬.૫૬% ગુણાંક સાથે NQAS સર્ટિફિકેટ એનાયત

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ ટાઉનમાં રેફરલ હોસ્પિટલની સામે ટેકરા પર આવેલા આયુષ્માન આરોગ્ય મંદિર-સબ હેલ્થ સેન્ટર, નેત્રંગ-૨ એ ગુણવત્તાયુક્ત સેવાઓના આધારે રાષ્ટ્રીય સ્તરનું NQAS સર્ટિફિકેશન મેળવ્યું છે. તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ NQAS અંતર્ગત સાત ફરજિયાત સેવા પેકેજોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા, દર્દી સુરક્ષા અને સુવ્યવસ્થિત વ્યવસ્થાના આધારે નેત્રંગ-૨ સેન્ટરે ૮૬.૫૭ ટકા ગુણાંક સાથે NQAS સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હાંસોટ ખાતે યોજાયેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રના ઉદઘાટન સમારોહમાં રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરભાઈ પટેલના હસ્તે સબ હેલ્થ સેન્ટર નેત્રંગ-૨ને NQAS સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. આ સફળતામાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.એન. સિંગ, થવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) સ્નેહાબેન જે. વસાવા, ફીમેલ હેલ્થ વર્કર (FHW) ભૂમિકાબેન ગાંધી અને મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર (MPHW) નીલમભાઈ વસાવા સહિત સમગ્ર આરોગ્ય ટીમના માર્ગદર્શન અને સતત પ્રયત્નોનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

વાલિયામાં ત્રણ દિવસીય જ્ઞાનયજ્ઞ યોજાશે

ભરૂચ: આગામી 31મી ઓક્ટોબરથી વાલિયામાં રંગ ઉપવન ખાતે પરમ પૂજ્ય રંગ અવધૂત મહારાજ દ્વારા રચિત અવધૂતી આનંદના ભજન 'એવો દી દેખાડ' વિષય પર સ્વામી નિજાનંદ સરસ્વતીજીના જ્ઞાનયજ્ઞ માટે અનુયાયીઓએ તડામાર તૈયારી હાથ ધરી છે. આ જ્ઞાનયજ્ઞમાં વાલિયા સહિત નેત્રંગ, ઝઘડિયા, અંકલેશ્વર, હાંસોટ, ભરૂચ તેમજ સુરત જિલ્લાના માંગરોળ અને કોસંબા તમામ ગામોમાં અવધૂત પરિવારે હાલમાં રોજેરોજ પ્રભાત ફેરી, દત્તભાવની અને દૈનિક પારાયણો થકી અવધૂતમયી વાતાવરણ ઊભું કરી દીધું છે. ખાસ કરીને સ્વામી નિજાનંદ સરસ્વતીના આગમનના દિવસે કરાથી વાલિયા સુધી 100 જેટલી રાજપૂત સમાજની અને અન્ય સમાજની દીકરીઓની સ્કૂટર રેલી કાઢવામાં આવશે.

અંદાડા નજીક બાઇકની અડફેટે મહિલાનું મોત

અંકલેશ્વર: અંદાડા નજીક કૈલાસ ટેકરી મહાદેવ મંદિર સામે રહેતાં મધુબેન ઇશ્વરભાઈ વસાવા ગત તા.૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે આશરે સાત વાગ્યે ઘરેથી સામેની બાજુ આવેલી કરિયાણાની દુકાને સામાન લેવા માટે રોડની સાઇડ પરથી ચાલતાં જઈ રહ્યાં હતાં. દરમિયાન પાછળથી આવી રહેલી બુલેટ મોટરસાઇકલના ચાલકે તેમને ટક્કર મારતાં ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. બાદ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં રિફર કાયાં હતાં. જ્યાં સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં.

રટોટીની સ્ટોન ક્વોરીમાં મજૂરનું મોત

વાંકલ: માંગરોળના રટોટી ગામની શિવમ સ્ટોન ક્વોરીમાં ઝાડ નીચે ખાટલા પર આરામ કરી રહેલા ૨૮ વર્ષીય મદન ખેમરાજ ભીલને પૂરઝડપે આવેલા હાઇવા ટ્રક (GJ-16-AY-7766)ના ચાલકે અડફેટે લીધો હતો. આ ગંભીર અકસ્માતમાં ઇજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકના ભાઈની ફરિયાદના આધારે ઝંખવાવ પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ દલાભાઈ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

વેલાછાનો કમલેશ ચૌધરી 15 દિવસથી ગુમ

હથોડા: વેલાછા ગામે રહેતા અને મજૂરીકામ કરીને જીવનનિર્વાહ ચલાવતા 52 વર્ષના કમલેશભાઈ આનંદરાવ ચૌધરી છેલ્લા 15 દિવસથી ગુમ થઈ જતાં કોસંબા પોલીસમાં જાણવા જોગ ફરિયાદ નોંધાઈ છે. ઘટનાની વિગત એવી છે કે, કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના વેલાછા ગામે દક્ષિણી ફળિયામાં રહેતા કમલેશભાઈ આનંદરાવ ચૌધરી (ઉ.વ.52) ગત તા.13મી ઓક્ટોબરના રોજ સાંજે 7 વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર ક્યાંક ચાલી નીકળ્યા હતા. મોડી રાત સુધી ઘરે પરત નહીં ફરતાં તેના પરિવારજનો એ સગાસંબંધી સહિત ચારેકોર શોધખોળ કરવા છતાં મળી આવ્યા ન હતા. ચિંતાતુર બનેલા નવસારીના છાપરા રોડ પંચવટી નગરમાં રહેતા સાગરકુમાર યોગેશકુમાર ચૌધરીએ કોસંબા પોલીસ મથકે જાણવાજો ફરિયાદ નોંધાવી હતી. કોસંબા પોલીસે ગુમ થયેલા કમલેશભાઈ ચૌધરીને શોધવા ચક્રો ગતિમાન કર્યાં છે.

અંકલેશ્વરમાં સ્વદેશી મેળાનો પ્રારંભ

અંકલેશ્વર: દેશી વસ્તુઓના વેચાણ અને ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ સ્થાનિક કારીગરો અને નાના વેપારીઓને પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી અંકલેશ્વર નગર સેવા સદન દ્વારા હાંસોટ રોડ પર આવેલા રામકુંડ ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદઘાટન નગર સેવા સદનના પ્રમુખ જીગ્નેશ અંડાદિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત આયોજિત આ મેળો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વદેશી વસ્તુઓના વેચાણ અને ઉપયોગના આહવાનને અનુરૂપ યોજાયો છે. 'વોકલ ફોર લોકલ'ના સંદેશને જનજન સુધી પહોંચાડવા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ મેળામાં વિવિધ ચીજવસ્તુઓના કુલ ૫૦ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મુલાકાતીઓ માટે ખાણીપીણીના બજારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

વીરપુર ફાટક પાસે અજાણ્યાની લાશ મળી

વ્યારા: સોનગઢ અને વ્યારા વચ્ચે આવેલ વીરપુર ફાટક પાસેથી 35થી 40 વર્ષના એક અજાણ્યાની લાશ મળી આવી હતી. જે બાબતે બાલુભાઈ માવચી દ્વારા જાહેરાત આપવામાં આવી હતી. અજાણ્યા ઈસમ નવાપુરથી આવતી કોઈ એક ટ્રેનમાંથી અકસ્મિક રીતે કોઈક કારણસર પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી માથું ફાટી ગયું હતું તથા મોંના ભાગે ગંભીર ઈજા થઈ હતી. સાથે તેનો જમણો અને ડાબો હાથ લટકતી હાલતમાં મળી આવ્યા હતા.

Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333